જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૨૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૯	૩	૧૧૨૫૨	૧૭૩૮૧	૩	૧૭૩૮૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૦૯	૬	૨૮૯૧૫	૩૦૨૨૪	૯	૩૦૨૩૩
કુલ		૪૪૯૨૯	૯	૪૪૯૩૮	૫૪૧૦૬	૧૨	૫૪૧૧૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૦	૯,૩૮,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯૮	૨,૯૮,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન :

દેશીદારૂની હેરાફેરી કરતા ઇસમને પાસા અટકાયત હેઠળ ભુજ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૧૪૯/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામનો આરોપી માનસંગજી ઉર્ફે મોન્ટુ ઉર્ફે મોટુ સતારજી ડાહ્યાજી ઠાકોર ઉ.વ.૩૦ ધંધો-ખેતીકામ રહે, ગામ-બલાસર રેલ્વે ફાટકની પાસે, તા.કડી જી.મહેસાણા નાને ૨૧૨ લિટર દેશીદારૂ કિં.રૂ. ૪૨૨૦/- તથા એક મારૂતી અલ્ટો કાર નં.GJ-01-HN-8767 કિં.રૂ. ૮૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિં.રૂ. ૪૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૮૮,૨૪૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨૭૩/૨૦૨૧ તા.૧૮/૦૨/૨૦૨૧ થી સદરી આરોપીને ભુજ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૮/૦૨/૨૦૨૧ કલાક ૨૦/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ભુજ જેલ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર :-

(૧) પો.ઇન્સ.કે.વી.પટેલ

(૨) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) અ.હે.કો. નિખીલેષ દિપકભાઇ બ.નં.૮૫૩૯

(૪) પો.કોન્સ.ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૫) પો.કોન્સ.પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



નારોલ પોલીસ સ્ટેશન :

મિલકત સબંધિત વાહનચોરી જેવી અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને પાસા અટકાયતી હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સાહેબની સુચના તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગૌવંશ માંસની અસામાજીક પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા સારૂ જરૂરી સુચના તથા માર્ગદર્શન આધારે પો. ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ કરતા ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે આધારે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તાર તથા અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં લોડીંગ રીક્ષા વાહન ચોરીના ગુનાઓના આરોપી અશરફભાઈ યાકુબભાઈ જાતે સબુરીયા ઉ.વ.૨૬ ધંધો-છુટક મજુરી રહે-સિંગળી ફળીયા રોયલ પ્લોટ અલી મસ્જીદની સામે ગોધરા જી. પંચમહાલ વિરૂદ્ધ મિલકત સબંધિત ગુનાઓ દાખલ થયેલ હોય જે ગુનાઓની માહિતી એકઠી કરી સદરી આરોપી મિલકત સબંધિત ગુનાઓ ધ્યાને લઇ તેઓની અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ મોકલી આપતા ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૭૪/૨૦૨૧ તા.૧૮/૦૨/૨૦૨૦ થી આરોપી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ કરવામાં આવેલ હોય જે હુકમ આધારે સદરી આરોપીને તાત્કાલિક પાડી પાસા કાયદા અન્વયે પાસા હુકમની બજવણી તા. ૧૮/૦૨/૨૦૨૦ ના રોજ કરી ખાસ જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓની માહિતી :-

માધવપુરા પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૦૨૦૦૦૫૫/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ
રખિયાલ પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૯૨૦૦૦૫૫/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૦૦૭૦૬/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
રાણીપ પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૨૨૦૦૬૬૩/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯,૪૧૧ ૧૪૪
ખોખરા પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૦૦૯૧૪/૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
નારોલ પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૭૯૧/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
ખોખરા પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૯૧૦૦૩૨૦૦૯૬૯/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
ગોમતીપુર પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૦૧૨૧૪/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
રાણીપ પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૨૨૦૦૭૫૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ ૪૧૧ ૧૪૪

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:-

- એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
- અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

આરોપીનું નામ :- અશરફભાઈ યાકુબભાઈ જાતે સબુરીયા ઉ.વ.૨૬ ધંધો-છુટક મજુરી રહે-સિંગળી ફળીયા રોયલ પ્લોટ અલી મસ્જીદની સામે ગોધરા જી. પંચમહાલ

આરોપીનો ફોટો :-



ઓઢવ પોલીસ સ્ટેશન :

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પાલારા તથા રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૧૦૧૩૭/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી , ૬૫ એ, ઇ ૧૧૬ (બી) , ૯૮ (૨) ૮૧ મુજબ

પાસા હુકમ તથા બજવણી

(૧) સુનેલ ઉર્ફે સુનીલ પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/૨૭૫/૨૦૨૧ તા. ૧૮/૦૨/૨૦૨૧ તથા બજવણી તા. ૧૮/૦૨/૨૦૨૧ ના કલાક ૨૧/૪૫ વાગે :- ભુજ પાલારા જેલ (૨) ગોકલારામ પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/૨૭૬/૨૦૨૧ તા. ૧૮/૦૨/૨૦૨૧ તથા બજવણી તા. ૧૮/૦૨/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ શ્રી ડી.બી.પલાસ તથા અનાર્મ હે.કો.અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૯૨૯૪ તથા અ.એલ.આર.વીવેકભાઇ નટવરલાલ બ.નં.૧૨૭૬ તથા અ એલ.આર.સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં ૧૨૦૬૪

પાસા અટકાયતી :-

(૧) સુનેલ ઉર્ફે સુનીલ સ/ઓ કિશનલાલ કાનજીભાઇ જેસવાલ, ઉ. વ. ૩૫, રહે: મ. નં કે/૪૦૨, શુભમ ગેલેક્ષી, હરીદર્શન ચાર રસ્તા, નવા નરોડા, અમદાવાદ શહેર મુળ વતન: ગામ મહરાજગંજ, તા. જી- ગોરખપુર, ઉત્તર પ્રદેશ તથા (૨) ગોકલારામજી સન/ઓફ રામારામ સોનારામ રબારી, ઉ. વ. ૨૪, રહે ગામ- સરનાઉ, તા- સાંચોર, જી- જાલોર, રાજસ્થાન



રામોલ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/ ૨૬૩/૨૦૨૧ તા.૧૭/૦૨/૨૦૨૧ થી પાસા અટકાયતી શ્રી નીતેશ ઉર્ફે અનીલ ઉર્ફે છોટા કચોરી રામજીવન ગોરૂભાઇ ખટીક ઉ.વ.૨૦ ધન્ધો.મજુરી રહે.એન/૧૦૧ સીતારામ સીટી ગોપીડેરીના ઢાળમા મહાદેવનગર વસ્ત્રાલ ઓઢવ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે ખાસ જેલ પાલારા ભુજ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૮/૦૨/૨૦૨૧ ના ક.૧૭/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૨૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૨૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૩૨૯/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ કરણ યોગેશ સેજપાલ (ઉ.વ.૩૨)(રહે.સ્તવન એમપલ્સ વોડાફોન ટાવર પાછળ ગોતા) એ તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગોતા વોડાફોન ટાવર પાછળ સ્તવન એમપલ્સ "સામી ઇમ્પેક્સ પ્રાઇવેટ લિમીટેડ" ખાતે આરોપી (૧) હિતેશ પ્રમોદ અગ્રવાલ (૨) મીરા પ્રમોદ અગ્રવાલ (ઓફીસઃ એચ/નંબર-૨૮, ગલ્લી નંબર-૨, શીવમંદીર ગલ્લી, મોજપુર દિલ્લી-૫૩) એ ભેગા મળી કરણભાઇની કંપનીની હિંગ ખરીદ કરવા કરણભાઇને રૂપિયા ૨૦,૩૫,૩૬૨/- હિંગનો ઓર્ડર આપી હિંગ મેળવી લઈ બાકીના નાણા ૧૪,૩૭,૯૮૭/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

કૃષ્ણનગરઃ યોગેશ્વરી ડો/ઓ જયવંતભાઇ ગાંગુરડે (ઉ.વ.૩૮)(રહે.શ્રીહરી સાંઈ શરણમ, ડભોઇ રોડ, વડોદરા) એ તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ/૨૦૧૮ થી નવેમ્બર-ડીસેમ્બર/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન કૃષ્ણનગર સરદાર ચોક ખાતે આરોપી (૧)રવિ પટેલ (રહે.બાપા સીતારામ ચોક પાસે, નવા નરોડા) (૨) કીશન યાદવ (રહે.નિષ્કલંક પાર્ક, સરદાર ચોક, કૃષ્ણનગર) (૩) અશ્વિન શાહ અને (૪) રીયા એ ભેગા મળી યોગેશ્વરીબહેનને "ભગવા રક્ષા દલ" નુ વીઝીટીંગ કાર્ડ બતાવી, યોગેશ્વરી ગાંગુરડેને નોકરીનો ઓર્ડર અપાવવા યોગેશ્વરી ગાંગુરડે પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઇ નોકરીનો ઓર્ડર નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૩૦/૨૦૨૧**

નરોડાઃ કુલદીપભાઈ પનુભાઈ પટેલ (રહે.કલગીપાર્ક સોસાયટી સ્વામિનારાયણ મંદિર સામે હરીદર્શન ચાર રસ્તા પાસે, નરોડા) એ તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૬,૬૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૩૩૧/૨૦૨૧**

પાલડીઃ માનસીબહેન વા/ઓ અર્પણભાઇ શાહ (રહે.કૈલાશ માનસરોવર ફ્લેટ-૧૩ કમલવાળી સોસાયટી, શ્રેયસ ક્રોસીગ પાસે, શારદા મંદીર રોડ, પાલડી) તા.૧૮/૦૨/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે કમલવાળી સોસાયટીના બંગલા નંબર-૪, રત્નદીપ એપાર્ટમેન્ટ પાસે મેટ્રો લાઇન નજીકથી સ્કુટર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ માનસીબહેનના હાથમાંથી સોનાનું બ્રેસ્લેટ ખેચી લેતા, માનસીબહેન પડી ગયા હતા. દરમ્યાન માનસીબહેનનુ બેગ ચોરી કરી લઈ નાસી ગયો હતો. જે બેગમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૨૨,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ માનસીબહેન શાહે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

ગોમતીપુરઃ પવનસિહ વિજયપાલ તોમર (ઉ.વ.૩૫)(રહે.ફુટવાળી ચાલી, એવરેસ્ટ સિનેમા ચાર રસ્તા, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર શ્રીજી હોસ્પીટલ સામે અશોકવાડી સોસાયટીના નાકા પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી લેપટોપ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં લેપટોપ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૩૩૨/૨૦૨૧**

રામોલઃ રેણુકાબહેન ડો/ઓ તેજપાલ ખટીક (ઉ.વ.૧૪)(રહે,પુંજાભાઇની ચાલી રામરાજયનગર રામોલ) તા.૧૮/૦૨/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઇલેકટ્રીક મોટરથી પાણી ભરતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૩૩૩/૨૦૨૧**

રામોલઃ ભારતીબહેન ચંદુલાલ પટેલ (ઉ.વ.૬૫)(રહે.શ્રીનંદ ટેનામેન્ટ, મહાદેવનગર ટેકરા અયોધ્યા પાર્કની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૭/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિહ પર્વતસિહ ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટઃ વિશાલ મહેશભાઇ મકવાણા (ઉ.વ.૩૦)(રહે.ગોપાલનગરની ચાલી પેરેડાઇઝ પાર્ક પાછળ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૧ સાજના ૪/૨૫ વાગ્યા પહેલા પરિતોષ બિલ્ડીંગ પાછળ વોક-વે ઘાટ નંબર-૫ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

નારોલઃ કૃતિકાબહેન વા/ઓ જીજ્ઞેશભાઇ પરમાર (ઉ.વ.૨૧)(રહે.ત્રિશુલનગર સોસાયટી, શાહવાડી ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી